**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૫ માં, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર:–૫૬૧૦૪/૧૯

**:: હુકમ ::**

(૧) આજ રોજ કેસનું રેકર્ડ વંચાણે લેતાં, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) અને ૮૫ તથા જી.પી.એકટની કલમ:૧૧૦, ૧૧૭** મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આંક–૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫ મુજબના ગુનામાં બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા જી.પી.એકટની કલમ:૧૧૦, ૧૧૭ મુજબની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) હાલના કેસનું રેકર્ડ જોતાં, હાલના આરોપી સામે કરેલ સમન્સ ધ્યાને લેતાં, આરોપી સમન્સમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી તથા આસપાસના લોકોને પુછતા આરોપી કયાં રહેવા ગયેલ છે તે બાબતે કોઈ માહિતી મળેલ નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એપીપીશ્રી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

(૩) આ તબકકે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવેલ હોય, તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા જી.પી.એકટની કલમ:૧૧૦, ૧૧૭ ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૯ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(GJ01124)

અમદાવાદ.
**તા.૦૯/૦૯/૨૦૨૩**